ગણેશ મહોત્સવ અંતર્ગત 'બેસ્ટ સીંગર ઓફ ધ સીટી' સ્પર્ધા યોજાશે

જૂના સેકટરોમાં ડહોળા પાણીની જટીલ સમસ્યા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના જૂના સેકટરોમાં ઘણા દિવસથી સતત ડહોળાયેલું જ પાણી આવે છે. પીવા પ્રત્યે પણ સુગ ચડે એવું આ પાણીથી સેકટરવાસીઓ પરેશાન થઈ ઉઠયા છે. હાલમાં ઘેર ઘેર નાની મોટી બિમારીઓ ચાલી રહી છે ત્યારે પાણીએ પણ આ બિમારીને ઉત્તેજન પુરું પાડયું છે. સ્વાસ્થ્ય સાથે સીધી રીતે સંકળાયેલા પાણી અંગે તંત્ર ગંભીર ન હોય તેમ બેફિકર બન્યું છે.

શહેરના ૨૩, ૨૪, ૨૮, ૨૭, ૧૫, ૧૬, ૧૩, ૧૪ જેવા સેકટરોમાં છેલ્લા એક અઠવાડીયાથી ગંદુ અને ડહોળાયેલું પાણી આવી રહ્યું છે. સતત ડહોળાયેલા પાણીથી ત્રસ્ત સેકટરવાસીઓએ સ્વ ખર્ચે મિનરલ વોટરના બાટલા મંગાવાનું શરૂ કરી દીધું છે. હાલ વરસાદી વાતાવરણ વચ્ચે બિમારીએ માઝા મુકી દીધી છે ત્યારે ડહોળાયેલા પાણીએ પણ લોકોમાં ભય પેદા કરી દીધો છે. હાથ,પગ, મોં ધોવા લાયક પણ આ પાણી નથી ત્યારે લોકોની હાલત પીવાના પાણી માટે કફોડી બની ગઈ છે. પ્રથમ દૃષ્ટિએ કાળાશ પડતા પાણીથી જ સુગ ચડે તેવું છે ત્યારે તેને વપરાશમાં લેવાની પણ ભારે મુંઝવણ પેદા થઈ છે. ડહોળાયેલા પાણીને કેટલાક રહીશો ઉકાળીને ઉપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે પરંતુ પાણીમાંથી કાળાશ જ જતી નથી. શહેરના ખાનગી અને સરકારી દવાખાના શરદી, તાવ ઉધરસના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે ત્યારે ડહોળાયેલ પાણી પાણીજન્ય રોગચાળો તેમજ પેટના રોગો પેદા કરશે તેવી દહેશત પણ ઉભી થઈ છે.

@ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦થી ૮.૩૦ કલાક દરમિયાન શિશુપ્રિય ગુટીકાના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રીગોવર્ધનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન લીલા મેવાના હિંડોળા યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે કાચના ટુકડા-લેસપટ્ટીના હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે રજનીકાન્તભાઈ ઓઝાના નિવાસસ્થાન સ્વાગત રેઈનફોરેસ્ટ-૪, એ-૪ સરગાસણ ચોકડી ખ-રોડ ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● દશામા યુવક મંડળ દ્વારા રાત્રે ૯ કલાકે સે-૨૪ (જ-૧) બ્લોક નં. ૪ પાસે આવેલ દશામાના મંદિર ખાતે માતાજીના ગરબા યોજાશે.

● સે-૨૩, સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ભાગ્યેશભાઈ દવેના નિવાસસ્થાન બ્લોક નં. ૧૯/૩, છ ટાઈપ ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● સે-૨૬ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા યોગેશભાઈ ઠાકરના નિવાસસ્થાન ૨૮૭/૧, કિસાનનગર ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શિવકથા તેમજ વિવિધ ત્રાંબા પિત્તળના વાસણના હિંડોળા યોજાશે.

● સે-૧ સમદર્શન આશ્રમ ખાતે શ્રાવણ માસ નિમિત્તે સાંજે ૬.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન વિષ્ણુ સહસ્ત્રનામ વિષય ઉપર પૂજય ગુરૂમા સમાનંદજી દ્વારા શ્રાવણી સત્સંગ કરાશે.

● શ્રી રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય પાઠ કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે સે-૨૨ પ્લોટ નં. ૬૨૪ વાસ્તુનિર્માણ સોસાયટી, વિજયભાઈ ત્રિવેદીના યજમાન પદે યોજાશે.

● શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા સવારે ૮.૩૦ કલાકે, સે-૧૨, ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે ૨૨મા આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ-૨૦૧૬ના કાર્યક્રમનું આયોજન.

વાતવાતમાં

● રવિવારે કોલવડાથી ઘ-૬ તરફ બાઈક લઈને આવી રહેલ એક યુવાન પર ટાટા ચોકડી નજીક એક વાંદરો કૂદીને પડયો હતો. આ કારણે પડી જવાથી યુવાનને શરીરે ઈજાઓ થવા પામી હતી અને તેને ખાનગી દવાખાનામાં સારવાર અપાઈ હતી.

● ઘ માર્ગ પર હવે રોડ પર જ કાર વગેરે જેવા વાહનોના પાર્કિંગ થતા હોવાની સમસ્યા વધી રહી છે. ખાસ કરીને કલેકટર કચેરીથી ઘ-૩ પથિકાશ્રમ સર્કલ સુધીના માર્ગે રોડ પર જ કાર પાર્ક કરી દેતા કારચાલકોના કારણે જાણે રોડ પર પાર્કિંગ ઉભું કરાયું હોય તેવી સ્થિતિ ભાસે છે.

● શહેરના ઘ-૨ સર્કલ પાસે બે ગધેડાની પાછળ ઘણા બધા કૂતરા પડયા હોવાથી ટ્રાફિકમાં જોખમરૂપ અડચણ ઉભી થવા પામી હતી. હવે શહેરમાં ગાયો-આખલા, કૂતરા, નીલગાય સાથે રખડતા ગધેડાઓની સંખ્યા પણ વધી રહેલી જોવા મળી રહી છે.

● ઘ-૪ સર્કલે બનાવાયેલા ટ્રાફિક આયલેન્ડસ પર બાગાયત વિભાગ દ્વારા વિવિધ ફુલોના છોડ વાવી તેનો નયનરમ્ય વિકાસ કરવાની પ્રક્રિયા હેઠળ ખોદકામ કરાયું છે. જો કે મુખ્યમંત્રીની શપથવિધિ કાર્યક્રમના પગલે આ જગ્યાએ તત્કાલ તૈયાર કૂંડા સાથેના છોડ મુકી તેને સુશોભિત કરી દેવાયા હતાં.

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં 'જુનિયર રેડક્રોસ સોસાયટી'નો પ્રારંભ

ગાંધીનગર, તા.૮

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં તા. ૮-૮-૨૦૧૬ને સોમવારે ગુજરાત રેડક્રોસ સોસાયટી તરફથી 'જુનિયર રેડક્રોસ' વિંગની શરૂઆત કરવામાં આવી હતી. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત રાજયની શાખા દ્વારા ગુજરાત જુનિયર રેડક્રોસ સોસાયટીના અધ્યક્ષ સુમિત ઠકકર દ્વારા જુનિયર વિંગનો આરંભ કરાયો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરી મહેમાનોનો પરિચય ડાયરેકટર શૈલેષભાઈ પંડયાએ કરાવ્યો હતો. પ્રિન્સિપાલ ડૉ. પ્રદીપભાઈ ગગલાણીએ સ્વાગત પ્રવચન કરી પુષ્પગુચ્છથી મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે કચ્છ-સૌરાષ્ટ્ર સમાજના અગ્રણી જીલુભાઈ ધાધલ અને રેડક્રોસ સોસાયટીના મંત્રી હિતેષભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. નરેશભાઈ ગોહિલે રેડક્રોસ સોસાયટીનો ઈતિહાસ અને તેની પ્રવૃત્તિઓનો સવિસ્તાર ખ્યાલ આપ્યો હતો. મુખ્ય વકતા અને ગુજરાત જુનિયર રેડક્રોસ સોસાયટીના અધ્યક્ષ સુમિત ઠકકરે થેલેસેમિયા જેવી મહાભયંકર બિમારી વિશે મનનીય પ્રવચન આપી વિદ્યાર્થીઓને રેડક્રોસ સોસાયટીમાં જોડાઈ સેવાયજ્ઞમાં સહભાગી થવા નિમંત્રણ આપ્યું હતું.

આ પ્રસંગે આચાર્ય ડૉ. ગગલાણી, ગાંધીનગર રેડક્રોસ સોસાયટીના ઉપાધ્યક્ષ હીનાબેન ગગલાણી, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ જુનિયર રેડક્રોસ સોસાયટીના સભ્ય બનવા ફોર્મ ભરી સોસાયટીમાં જોડાવાના શપથ લીધા હતા. આ પ્રસંગે ગાંધીનગર રેડક્રોસના ઉપાધ્યક્ષ હીનાબેન ગગલાણીએ પ્રસંગોચિત પ્રવચન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ડાયરેકટર જયેન્દ્ર પાઠકે આભાર વિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શિક્ષક તુષારકુમારે કર્યું હતું.

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજ ખાતે મહિલા આરોગ્ય વિષયે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૮

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજમાં સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા 'સ્ત્રીઓ અને આરોગ્ય' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. ગાંધીનગર સિવિલના ડૉ. જલધારા બહેને સ્ત્રી શરીરની રચના અને કાર્યો અંગેની વૈજ્ઞાનિક માહિતી આપી સ્ત્રીઓના આરોગ્યની સંભાળ કેવીન રીતે લેવી તેનું જતન કેવી રીતે કરવું તે અંગેનું માર્ગદર્શન પુરું પાડયું હતું. સમાજશાસ્ત્ર વિષયની વિદ્યાર્થીનીઓ સાથે પ્રશ્નોત્તરી કરી વાર્તાલાપ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ભરતભાઈ તડવી અને પ્રો. ડૉ. દિપ્તી પંડયાએ કર્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડૉ. અમૃતાબહેન અને પ્રા. પાર્થભાઈ જોષીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીની બહેનોને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

હવેલી મંદિર ખાતે જન્માષ્ટમી નિમિત્તે ચિત્ર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગાંધીનગરના સહયોગથી જન્માષ્ટમી નિમિત્તે આગામી તા. ૨૫મી ઓગષ્ટે વૈષ્ણવ બાળકો માટે ચિત્ર રંગપૂર્ણ હરીફાઈનું આયોજન હવેલી મંદિર, સે-૨૧ ગાંધીનગર ખાતે સવારે ૯.૦૦ કલાકે કરવામાં આવ્યું છે. આ અંગેનું ફોર્મ રૂ. ૨૦ આપી કાર્યાલયમાંથી મેળવી લેવા અને આ ફોર્મ ભરીને ૨૨મી ઓગષ્ટ સાંજના ૬.૦૦ કલાક સુધીમાં પરત કરવા વિનંતી છે. એ ગ્રુપમાં ૬થી ૮ અને બી ગ્રુપમાં ૯ થી ૧૫ વર્ષની ઉંમરના બાળકો ભાગ લઈ શકશે. સંસ્થા તરફથી ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે.

ઉવારસદ ફાટક પાસે ટ્રક અથડાતા ડ્રાઈવરનું મૃત્યુ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર પાસે આવેલા ઉવારસદ ફાટક નજીક બટાકા ભરી જઈ રહેલી ટ્રકના ડ્રાઈવરે અચાનક કાબુ ગુમાવતા ટ્રક ફાટકની લોખંડની ગ્રીલને જઈ અથડાઈ હતી. આ અકસ્માતમાં ટ્રક ડ્રાઈવરને ઈજા પહોંચતા તાત્કાલિક ૧૦૮ દ્વારા ટ્રકનો કંડકટર ગાંધીનગર સિવિલ ખાતે સારવાર અર્થે લઈ આવ્યો હતો. જયાં ફરજ પરના તબીબે ડ્રાઈવરને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે અડાલજ પોલીસ ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. આઈ.ટી. દેસાઈ ચલાવી રહ્યા છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ડીસા ખાતે રહેતા સોમાજી વસ્તાજી માળી ટ્રક નં. જીજે ૮-૩૯૫૧માં ગત રોજ બટાકા ભરીને ડીસાથી આણંદ જવા રવાના થયા હતા ત્યારે વાયા વાવોલ ઉવારસદ થઈને અડાલજ તરફ ટ્રક લઈ જઈ રહ્યા હતા. ઉવારસદ ફાટક પાસે અચાનક ટ્રક પરનો કાબુ ગુમાવતા ટ્રક ફાટકે જઈ અથડાઈ હતી. ટ્રકના ડ્રાઈવર સોમાજીને અકસ્માતમાં ગંભીર ઈજા પહોંચી હતી. ટ્રકમાં સાથે રહેલા કડંકટરે તાત્કાલીક ૧૦૮ને કોલ કરી બોલાવતા ઈજાગ્રસ્તને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. પરંતુ ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે અડાલજ પોલીસ મથકમાં ગુનો નોંધાતા વધુ તપાસ પીએસઆઈ આઈ.ટી. દેસાઈ ચલાવી રહ્યા છે.

ચિલોડા ખાતે મહિલા સશકિતકરણની ઉજવણી

ચિલોડા પ્રાથમિક શાળામાં તાજેતરમાં મહિલા સશકિતરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના બાળકો દ્વારા ગામમાં બેટી બચાવો-બેટી પઢાવોના સુત્રોચ્ચાર સાથે રેલી યોજાઈ હતી. ત્યારબાદ શાળામાં પ્રાર્થના તેમજ ધોરણ-૮ની બાળાઓએ અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ, ગાંધીજીના પૌત્રી મનુબહેન ગાંધી તેમજ વિવિધ સ્વાતંત્ર્ય સેનાની લેખિકા અંગે સુંદર વકતવ્યો રજૂ કર્યા હતા. શાળાની બાલિકાઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. શાળાના શિક્ષકશ્રી ચીનુભાઈ પરમાર તેમજ મહેન્દ્રભાઈ પટેલે પ્રેરણાદાયી પ્રસંગો રજૂ કરી મહિલા સશકિતકરણ અંગે બાળકોને વાકેફ કર્યા હતા.

યુવા અનસ્ટોપેબલ દ્વારા ફ્રેન્ડશીપ ડેની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. ગ્રૂપના યુવાઓ સાઈકલ લઈને શહેરમાં ફર્યા હતા અને દોસ્તીનો સંદેશ તેમણે શહેરમાં ફેલાવ્યો હતો. આ ઉપરાંત આ સકારાત્મક યુવાનોએ ટ્રાફિક પોલીસ, પોલીસ મથકના જવાનો, શ્રમિકો વગેરેને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધી તેમના પ્રતિ પોતાની કૃતજ્ઞતા વ્યકત કરી હતી. યુવા અનસ્ટોપેબલ દ્વારા આવી વિવિધ સામાજિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ નિયમિત કરવામાં આવે છે.જે યુવાઓ આ ગ્રૂપમાં જોડાવા ઈચ્છતા હોય તેમણે સ્નેહલ પાઠકનો સંપર્ક (મો. ૯૪૨૮૩ ૫૪૨૩૩) કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

જે.એમ. ચૌધરી સ્કૂલ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા.૮

સે-૭ સ્થિત શ્રી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ)દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસના સ્થળોમાં કેવડિયા કોલોની અને પોઈચાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કેવડિયા કોલોની ખાતે નર્મદા યોજના, સરદાર સરોવર બંધ વગેરેની મુલાકાત લઈ પોઈચા સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લીધી હતી. જેમાં આવેલ સુંદર પ્રદર્શન, રાઈડસ તથા હાથી પર થતી સાંધ્ય આરતીને સૌએ માણી હતી. કુલ ૧૦૪ વિદ્યાર્થીનીઓ અને શાળાના આચાર્યા સંતોકબેન ચૌધરી તથા શિક્ષિકા બહેનોએ પ્રવાસની જવાબદારી નિભાવી હતી.

ચંદ્રમૌલેશ્વર મહાદેવનો પાટોત્સવ આજે ઉજવાશે

ગાંધીનગર, તા.૮

શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ, સે-૨-બી અંબિકા ચોક, ગાંધીનગરનો તા. ૯-૮-૨૦૧૬ને મંગળવારે ૧૭મો પાટોત્સવ હોઈ, સવારે ૮.૩૦ વાગે આરતી, ૭.૧૫ થી ૭.૪૫ સુધી ધ્વજા આરોહણ તથા ૮.૩૦થી ૧૨.૦૦ કલાક હવન તેમજ સાંજે ૭.૦૦ વાગ્યાની આરતી સમયે ૧૦૮ દિવડાની દિપમાળા, મહાદેવ પર રોશની તેમજ રાત્રે ૯.૩૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી ગોપી મહિલા મંડળ સે-૨-બી તરફથી ભજન રાખેલ છે. ધાર્મિક જનતાને દર્શનનો લાભ લેવા વિનંતી કરવામાં આવી છે.

સાઈ ખાતે નેશનલ કક્ષાની હેન્ડબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ

ઈન્ટર સાઈ નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશીપ માટે દેશભરમાંથી ૨૪ ટીમોએ ભાગ લીધો : પ્રથમ દિવસે ગાંધીનગર સાઈની બોયઝ અને ગર્લ્સની ટીમો વિજેતા બની

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સે-૧૫માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે આજથી ઈન્ટર સાઈ નેશનલ હેન્ડબોલ સ્પર્ધાનો પ્રારંભ થયો છે. આ સ્પર્ધામાં દેશભરમાંથી સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સંલગ્ન ૨૪ ટીમોએ ભાગ લીધો છે. આ સ્પર્ધા ગર્લ્સ અને બોયઝ માટે અન્ડર-૧૫ અને અન્ડર-૧૯ એમ બે કેટેગરીમાં રમાઈ રહી છે. આજે સ્પર્ધાના પહેલા દિવસે ગાંધીનગર સાઈની ટીમે વિજયી પ્રારંભ કર્યો હતો.

ઈન્ટર સાઈ નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશીપના ઉદઘાટન પ્રસંગે સાઈના

રિજિયોનલ ડાયરેકટર આર.કે. નાયડુ તથા ટુર્નામેન્ટના ટેકનિકલ ચેરમેન તથા હેન્ડબોલ કોચ સુરેન્દ્ર દહિયા ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધામાં અન્ડર-૧૫ કેટેગરીમાં બોયઝની ટીમ અને ગર્લ્સની ચાર ટીમોએ ભાગ લીધો છે. અન્ડર-૧૯ કેટેગરીમાં બોયઝની આઠ ટીમો તથા ગર્લ્સની છ ટીમોએ ભાગ લીધો છે. આજે સ્પર્ધાના પ્રથમ દિવસે અન્ડર-૧૯ કેટેગરીમાં ગાંધીનગર અને ચંદીગઢ વચ્ચે મેચ રમાઈ હતી જેમાં ગાંધીનગર સાઈનો ૨૭-૦૭થી વિજય થયો હતો. આ ઉપરાંત અન્ય મેચમાં ફેઝાબાદે બેંગ્લોરને હરાવ્યું હતું. તથા ગર્લ્સમાં અન્ડર-૧૫ કેટેગરીમાં ચંદીગઢે કેરાલાને ૨૦-૦૫થી અને બોયઝ અન્ડર-૧૫માં ગાંધીનગરે લખનૌને ૨૮-૧૪થી પરાસ્ત કર્યું હતું. આ સ્પર્ધા ચાર દિવસ ચાલશે અને તા. ૧૧મી ઓગષ્ટે ફાઈનલ રમાશે.

ગણેશ મહોત્સવ અંતર્ગત 'બેસ્ટ સીંગર ઓફ ધ સીટી' સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૮

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા ઉજવાતા ગણેશ મહોત્સવ અંતર્ગત 'બેસ્ટ સીંગર ઓફ ધ સીટી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ તા. ૬-૯-૨૦૧૬ ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સે-૨૨ના રંગમંચ ખાતે યોજાશે. જેમાં વિશાળ સંખ્યામાં ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવવા અધ્યક્ષ શ્રી નિશીત વ્યાસ, શ્રીમતી આશાબેન સરવૈયા, ડૉ.ચેતના બુચ અને પ્રોગ્રામ કોઓર્ડીનેટર શ્રી રજનીકાંત સુથારે અનુરોધ કર્યો છે. સ્પર્ધા માટેનું પ્રવેશ પત્ર મિનાક્ષી ટ્રેડર્સ સે-૧૬ ખાતેથી તા. ૨૧મી ઓગષ્ટ સુધીમાં સંપૂર્ણ વિગત ભરીને પરત કરવા જણાવાયું છે.

સરકારી પ્રાથમિક શાળા સે-૮માં સ્ત્રી સશકિતકરણનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૮

સરકારી પ્રાથમિક શાળા સે-૮ ખાતે સ્ત્રી સશકિતકરણ કાર્યક્રમ હેઠળ આયોજન કરવામાં આવેલ હતું. શાળા સફાઈ, પ્રાર્થના, 'બેટી હું મેં બેટી' ગીત રજુ કરવામાં આવેલું હતું. શાળાના આમંત્રણને માન આપી પધારેલ એક જ દિકરીના માતા શ્રીમતી સંગીતાબેન પોમલનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે પોતાના વકતવ્યમાં જણાવેલ કે મારે એક દિકરી છે તેનું મને ગૌરવ છે. મને જીવનમાં કોઈ તકલીફ નથી. શ્રીમતી હંસાબેન રમાનુજનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. બાળાઓ ખુબ જ ભણે અને આગળ વધે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. વિશિષ્ટ પ્રતિભા ધરાવનાર ડૉ. અમીબેન શાહનું સન્માન શાળાના મહામંત્રીશ્રી રાજન જલાભાઈએ કર્યું હતું. આચાર્યશ્રી રમીલાબેન મકવાણાએ આભાર માન્યો હતો જયારે સંચાલન મદદનીશ શિક્ષકશ્રી જયેશબાળા શાહે કર્યું હતું.

શ્રમજીવી પરિવારના બાળકોએ 'સુલ્તાન' ફિલ્મ માણી

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત હ્યુમન વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા બાળકોને બાલાજી અગોરા મોલની મુલાકાત કરાવી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના ધોળાકુવા ગામ પાસેની ઝુંપડપટ્ટીના ૩૦થી વધુ શ્રમજીવી પરિવારોના બાળકોને સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સુપરમોલની મુલાકાત અને ફિલ્મ જોવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત બાળકોને બાલાજી અગોરા મોલની મુલાકાત કરાવાઈ હતી તથા 'સુલ્તાન' ફિલ્મ બતાડવામાં આવી હતી.

સર્વ શિક્ષા અભિયાનના સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં હ્યુમન વેલ્ફેર ફાઉન્ડેશનના ઉપકમે બાળકોને સુપર મોલની મુલાકાત કરાવાઈ હતી. આ મુલાકાત માટે એસટીપી વર્ગ ચલાવતા બાલમિત્ર પ્રફુલ્લાબેન ભાવસારે બાળકોને લાવી શિસ્તબધ્ધ રીતે સમગ્ર મોલની મુલાકાત લેવડાવવાની તથા ફિલ્મ શો જોઈ પરત લઈ જવાની સુંદર કામગીરી બજાવી હતી. આ કાર્યક્રમમાં આશરે ૩૨ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. જરૂરિયાતમંદ વર્ગના આ બાળકોને ફિલ્મ શો દરમિયાન પોપકોર્ન, સમોસા, કોલ્ડ ડ્રિંકસ વગેરેની લિજ્જત કરાવાઈ હતી. પ્રકાશભાઈ સકસેના, ઈવેન્ટ મેનેજર દિવ્યાબેન સોલંકી તથા મલ્ટીપ્લેકસના મેનેજર પંકજભાઈ રાઠોડે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. તમામ બાળકોની આયુ ૯ થી ૧૪ વર્ષ વચ્ચેની હતી. કાર્યક્રમ બાદ બાળકોના ચહેરા પર અત્યંત ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દાંડી કુટીરની મુલાકાતે

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ તાજેતરમાં દાંડી કુટીરની મુલાકાત લીધી હતી.

એક દિવસની આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ દાંડીકુટીરમાં યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં રસપૂર્વક ભાગ લઈ સુંદર ચિત્રોનું સર્જન કર્યું હતું. દાંડીકુટીરના પ્રદર્શન હોલની મુલાકાત લઈ ગાંધીજીના જીવન ચરિત્ર વિશેની રસપ્રદ માહિતી મેળવી હતી. શાળાના આચાર્યશ્રી નીવાબેન પટેલે શાળાના ચિત્ર શિક્ષક અને માર્ગદર્શક શ્રી જયભાઈ પંડિતને તથા વિદ્યાર્થીઓને સફળતા માટે શુભેચ્છા પાઠવી છે.

ચિરવિદાય

- સ્વ. કાન્તાબેન હરીભાઈ પટેલ, ઉ.વ. ૮૦
- સ્વ. ઉદાબેન વજાજી ઠાકોર, ઉ.વ. ૮૫
- સ્વ. તારાબેન કરશનભાઈ સોલંકી, ઉ.વ. ૬૫